
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-1 * Issue-9-10

July-August-2001

અષાઢ-શ્રાવણ

જુલાઈ-ઓગસ્ટ-૨૦૦૧

આત્મ સંવત : ૧૦૫

વીર સંવત : ૨૫૨૭

વિક્રમ સંવત : ૨૦૫૭

પુસ્તક : ૯૮

रागो हि मोहावरणं विघ्नभूतं सुखस्य तत्।
यथा यथा तद्‌विलयः सुखप्राप्तिस्तथा तथा ।।

*

રાગ મોહરૂપ આવરણ છે. એ વાસ્તવિક સુખમાં વિઘ્નભૂત છે. એ આવરણ જેમ જેમ ખસે છે, તેમ તેમ અધિક અધિક સુખ પ્રાપ્ત થાય છે.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૪૫, પૃષ્ઠ-૧૪૦)*

*

Printed Published and owned by Shree Jain Atmanand Sabha and Printed at smruti Offset, Songadh and Published at Shree Jain Atmanand Sabha, Khargate, Bhavnagar-364001

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સેવા સાચી પણ દેખાય છે | અનંતરાય જાદવજી શાહ | ૧ |
| (૨) | કલ્પસૂત્રનો મહિમા | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨ |
| (૩) | મનુષ્યની આહારચર્યા વિષે હેમચંદ્રાચાર્યે અને હરિભદ્રસૂરિ શું કહે છે ? | ચીમનલાલ કલાધર | ૫ |
| (૪) | હિમાલયની પત્રયાત્રા | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૭ |
| (૫) | ભગવાન મહાવીર જન્મકલ્યાણક | કુમારપાળ દેસાઈ | ૧૧ |
| (૬) | શ્રી જૈન આત્માનંદ સભા ૧૦૫મા વર્ષમાં મંગલ કરે છે. | પ્રમોદકાંત કે. શાહ | ૧૭ |
| (૭) | ધર્મ-ધર્મી અને ધર્માર્થી | આચાર્ય વિજયરત્નભૂષણસૂરિ | ૨૨ |


**સભાના નવા આજીવન સભ્યશ્રી**

| | |
|---|---|
| નિલેષકુમાર જસવંતભાઈ શાહ, | નવા વાડજ, અમદાવાદ-૧૩ |
| રમેશચંદ્ર શાંતિલાલ રવાસા, | મુલુન્ડ-વે., મુંબઈ-૮૦ |
| જીતેન્દ્રકુમાર ચંદુલાલ શાહ, | ભાવનગર |

**ક્ષમાપના**



શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના પ્રકાશન કરતાં કે અન્ય કોઈ પ્રસંગોપાત વર્ષ દરમ્યાન જાણતા કે અજાણતા મન-વચન-કાયાથી કોઈપણનું દિલ દુભાવ્યું હોય તો ખરા હૃદયથી ક્ષમાયાચના કરીએ છીએ.

*—શ્રી આત્માનંદ સભા-ભાવનગર*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

*

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

*

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાન ખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફ્ટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ–પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત–ઉપપ્રમુખ
(૩) હિંમતલાલ એ. મોતીવાળા–મંત્રી
(૪) ચીમનલાલ વર્ધમાન શાહ–મંત્રી
(૫) ભાસ્કરરાય વી. વકીલ–મંત્રી
(૬) હસમુખરાય જે. હારીજવાળા–ખજાનચી

## સેવા સાચી પણ દેખાય છે

મેવા માટે સેવાના આ યુગમાં;
સેવા સાચી પણ દેખાય છે;
નિ:સ્વાર્થ સેવા કરનારા;
માણસો પણ દેખાય છે.
કહેવાય ભલે નાના;
પણ દીલ મોટું દેખાય છે,
સેવા કરતાં છાની;
એવા માણસો પણ દેખાય છે.
સેવા ભાવના સાથે;
વ્યવસાય કરતાં પોતાનો,
કરતાં સેવા મૌન રહીને;
એવા માણસો પણ દેખાય છે.
દેશના કોઈ ખૂણામાં;
ભેખ સેવાનો લઈને,
દીન દુ:ખીયાની સેવા કરતાં;
માણસો પણ દેખાય છે.
આવે આફત કુદરતી;
કે અકસ્માતો થાય મોટા,
મદદ કરવા દોડી જતાં;
માણસો પણ દેખાય છે.
આત્મ-કલ્યાણની સાથે;
લોક કલ્યાણને કાજે,
ગામે ગામ વિચરતા;
સંત મહાત્માઓ દેખાય છે.
મેવા માટે સેવાના આ યુગમાં;
સેવા સાચી પણ દેખાય છે,
અંધકારમાં દીપક સમા;
માણસો પણ દેખાય છે.

*—અનંતરાય જાદવજી શાહ, મુંબઈ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કલ્પસૂત્રનો મહિમા

—ડૉ. કુમારપાળ દેસાઈ

**"વીતરાગથી વડો ન દેવ, મુક્તિથી ન મોટું પદ, શત્રુંજયથી ન વડું તીર્થ, કલ્પસૂત્રથી ન મોટુ શ્રુત."**

આજે શોક અને મોહ ફેડનારા મહાશાસ્ત્ર કલ્પસૂત્રનું વાંચન શરૂ થશે. કલ્પસૂત્રનો મહિમા પ્રભુ પ્રતિમાંથી પણ વડો લેખાયો છે, કારણ કે જ્ઞાન અને દર્શન હોય તો જ શ્રદ્ધા ટકે.

જૈન ધર્મશાસ્ત્રો એમ કહે છે કે જેમ દેવોમાં મહાન ઈન્દ્ર છે, જેમ હાથીઓમાં શ્રેષ્ઠ ઐરાવત છે તેમ શાસ્ત્રોમાં ઉચ્ચત્તમ કક્ષાનો ગ્રંથ કલ્પસૂત્ર છે.

કલ્પસૂત્ર વિધિપૂર્વક વાંચે અને સાંભળે એને તો લાભ થાય જ. આ ગ્રંથનું વાંચન એટલું મહત્વનું છે કે જો કોઈ તે સાંભળી શકે તેમ ન હોય તો સાંભળવા માટે સહાય કરે કે અનુકૂળતા કરી આપે તો પણ લાભ થાય.

વિધિ પૂર્વક સતત એકવીસ વખત જે કલ્પસૂત્ર વાંચે તે સાધુ તેમ જ એને ધ્યાનપૂર્વક સાંભળે તે શ્રોતા તેમ જ એ સાંભળવામાં સહાયભૂત થનાર સહાયકો--એવા ત્રણેય પ્રકારના આત્માઓ સાત--આઠ ભવે મોક્ષે જાય છે.

કલ્પસૂત્રનું ખરું નામ પર્યુષણકલ્પ છે, આ કલ્પસૂત્રનું વિશિષ્ટ મહત્ત્વ એ માટે છે કે એ આગમવાણી છે અને એ ગ્રંથના રચનાર છેલ્લા શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી છે, હકીકતમાં તો કલ્પસૂત્ર એ કોઇ જુદો અલાયદો ગ્રંથ નથી, પરંતુ ભદ્રબાહુસ્વામીએ ''દશાશ્રુત સ્કંધ'' નામ એક વિસ્તૃત ગ્રંથ લખ્યો છે. અને તેનું આઠમું પ્રકરણ છે કલ્પસૂત્ર. પરંતુ આ આઠમા પ્રકરણનું વાંચન પર્યુપણના દિવસોમાં થતું હોવાથી એનું મહત્ત્વ એક સ્વતંત્ર ગ્રંથ જેટલું થઈ ગયું છે.

કલ્પસૂત્રની ભાષા અર્ધમાગધી છે અને ભગવાનની વાણીનું સ્મરણ કરાવે એવી એની લલિત કોમલ પદાવલિ છે. એની રચના એટલી જ મધુર છે, અને જૈન ધર્મમાં કલ્પસૂત્રથી પ્રાચીન ગ્રંથો ઘણા મળે છે, પરંતુ પ્રસિદ્ધ તો આ કલ્પસૂત્ર જ છે અને એથી જ પર્યુપણ જેવા આધ્યાત્મિક પર્વ સમયે કલ્પસૂત્રનું વાંચન અને શ્રવણ અત્યંત પવિત્ર ગણાય છે. આ અપૂર્વ ગ્રંથ વિશે વખતો વખત આચાર્યો અને વિદ્વાનોએ પોતાના વિવરણ લખ્યા છે. એ જ બતાવે છે કે કલ્પસૂત્ર કેટલું બધું પ્રચલિત છે. જર્મનના વિખ્યાત ડૉ. હર્મન જેકોબીએ સુંદર પ્રસ્તાવના સાથે કલ્પસૂત્રનો અંગ્રેજી અનુવાદ પ્રગટ કર્યો ત્યારથી વિદેશના વિદ્વાનોમાં પણ કલ્પસૂત્ર જાણીતું બન્યું છે.

ધર્મના પવિત્ર કાર્યોમાંનું એક કાર્ય તે કલ્પસૂત્રની હસ્તપ્રત તૈયાર કરાવીને તેને જ્ઞાનભંડારમાં પધરાવવાનું કાર્ય ગણાય છે. આને કારણે જ જ્ઞાનભંડારોમાં કલ્પસૂત્રોની અનેક હસ્તપ્રતો મળે છે. એમાંની કેટલીક સચિત્ર હસ્તપ્રતો સુવર્ણાક્ષરે લખાયેલી છે. આથી જ દુનિયાની મોંઘામાં મોંઘી હસ્તપ્રતોમાં કલ્પસૂત્રની ગણના થાય છે. અને એની સૌથી જૂની હસ્તપ્રત વિ. સં. ૧૨૪૭ માં તાડપત્ર પર લખાયેલી મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કલ્પસૂત્રનું લખાણ ૨૯૧ કંડિકા છે અને તેનું માપ ૧૨૦૦ કે તેથી વધુ ગાથા કે શ્લોક પ્રમાણ જેટલું ગણી શકાય. તેથી કલ્પસૂત્રને 'બારસાસૂત્ર' તરીકે ઓળખવામાં આવે છે. એ દર્શાવે છે કે આ પવિત્ર સૂત્રની મહત્તા કેટલી બધી છે. છેક પ્રાચીન સમયથી સાધુ--સાધ્વીઓ દ્વારા કલ્પસૂત્રનું વાંચન કરવું એવી પરંપરા ચાલી આવે છે. એમાં ભગવાન મહાવીરનું ચરિત્ર અત્યંત વિસ્તૃત રીતે આલેખાયું છે. જાણે ભગવાન મહાવીરસ્વામીનું ચરિત્રલેખન ન હોય તેવું પણ લાગે. તે પછી ઋષભદેવ, નેમિનાથ અને પાર્શ્વનાથના ચરિત્રો મળે છે. પરંતુ બીજા તીર્થંકરો વિશે બે--ત્રણ લીટીની નાની નોંધ જ મળે છે. આ કલ્પસૂત્રના મુખ્ય ત્રણ વિભાગ છે. એમાં પહેલો વિભાગ તીર્થંકરોનું ચરિત્ર છે. જેનો આરંભ ભગવાન મહાવીરના ચરિત્રથી કરવામાં આવ્યો છે. એ પછી ક્રમસર ભૂતકાળમાં જઈને પ્રથમ ઋષભદેવ ભગવાનના જીવનનું આલેખન છે. બીજો વિભાગ સ્થલવિરાવલિનો છે. જેમાં ગણધર ગૌતમથી શરૂ કરીને સુધર્મા, જંબુ, ભદ્રબાહુ, સ્થૂલિભદ્ર, કાલક, વગેરે સ્થવિરોની પરંપરા અને શાખાઓ વર્ણવામાં આવી છે. જયારે ત્રીજો વિભાગ સાધુઓની સમાચારીનો છે. જેમાં ચાતુર્માસ દરમિયાન જૈન સાધુઓની સમાચારીનો છે. જેમાં ચાતુર્માસ દરમિયાન જૈન સાધુ--સાધ્વીઓના આચારપાલનના નિયમો છે.

કલ્પસૂત્ર કલ્પતરુ જેવું કહેવાયું છે અને તે આત્મિક સુખ આપનારું ગણાય છે. જે શ્રદ્ધા સહિત એનું શ્રવણ કરે છે તે ભવસાગરને તરી જાય છે.




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
**"શ્રી આત્માનંદ પ્રકાશ"**
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અણહક્કની ચીજ ન લેવાય

એક ભાઈએ કહેલી વાત તેમના જ શબ્દોમાં,

'વરસોથી મને પોતાને ગરીબોની સેવા કરવાનો ભારે રસ છે. દર વરસે શિયાળાના ટાઈમમાં વહેલી સવારે ધાબળાઓ લઈને ગલીઓમાં નીકળી પડું છું. ઠંડીમાં ધ્રુજતા...ટુંટિયું વાળીને પડેલા...ફૂટપાથ પર સૂતા આ ગરીબોનો અને ભિખારીઓના શરીર પર ધાબળાઓ નાખી દઉં છું....

એક દિવસ દાદર બાજુ ધાબળાઓ લઈને નીકળ્યો....સૂતેલા એક ભિખારી પર જેવો ધાબળો નાખ્યો કે તરત જ તે ઊઠી ગયો....ઊભો થઈને મારા પગમાં પડી ગયો....પછી કહે 'શેઠ ! ગઈ સાલ તમે જે ધાબળો ઓઢાડી ગયેલા તે ધાબળો હજી અકબંધ પડયો છે....અત્યારના પડતી ઠંડી એવી જોરદાર નથી કે ધાબળો ઓઢવો જ પડે, તેથી રોજ માથા નીચે રાખીને સૂઈ જાઉં છું....એટલે મારી પાસે તો ધાબળો છે જ, આ ધાબળો આપ કોઈ એવા ગરીબને આપી દો કે જેની પાસે ધાબળો હોય જ નહિ !'

ભિખારીઓને 'લુચ્ચા...હરામ-હાડકાના...બદમાશ' વગેરે હલકા વિશેષણોથી નવાજતા પહેલાં આ દૃષ્ટાંત ધ્યાનપૂર્વક વાંચી જજો. એ કહે છે કે 'અણહક્કનું ક્યારેય લેતા નહિ અને જરૂરિયાત કરતાં વધારે રાખતાં નહિ.'

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનુષ્યની આહારચર્યા વિશે હેમચંદ્રાચાર્ય અને હરિભદ્રસૂરિ શું કહે છે?

*—ચીમનલાલ કલાધર*

જૈનધર્મ પ્રત્યેક વસ્તુને સૂક્ષ્મ નજરે મૂલવે છે. તેનું પ્રત્યક્ષ પ્રમાણ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કૃતં 'યોગશાસ્ત્ર'માં જોવા મળે છે. આ મહાન ગ્રંથમાં મનુષ્યની આહારચર્યાની વાત કરતા શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે કે—

''અતિ પ્રાત:કાળે, સાંયકાળે, રાત્રિએ, અન્નની નિંદા કરતાં, માર્ગમાં ચાલતા, જમણા પગ ઉપર હાથ મૂકી ખાવાની વસ્તુ ડાબા હાથમાં લઈ ભોજન કરવું નહિ.

ભોજન કર્યા પછી જળથી ભીંજાયેલા હાથ ગાલને, બીજા હાથને કે બે ચક્ષુને લગાડવો નહિ, પણ કલ્યાણને માટે ઢીંચણને લગાડવો એમ શાસ્ત્રમાં કહ્યું છે.

ભોજનમાં કીડી ખાવામાં આવી જાય તો બુદ્ધિનો નાશ કરે છે, માખી આવી જાય તો તરત ઉલટી થાય છે. કરોળિયો આવી જાય તો કોઢ રોગ ઉત્પન્ન થાય છે. વીંછી આવી જાય તો ગળું વિંધી નાખે છે. કાંટો ખાવામાં આવે તો તાળવાનો ભેદ કરે છે. ગળામાં વાળ આવી ગયો હોય તો કંઠને બગાડે છે. વિશેષમાં રાત્રી ભોજનમાં અનેક જીવ જંતુઓનો વિનાશ થતો હોય તે સદા વર્જ્ય છે.

તર્જની આંગળી ઊંચી કરીને કદી ભોજન કરવું નહિ. વિચક્ષણ પુરુષે કદી એક વસ્ત્ર પહેરી ભોજન ન કરવું. તેમજ ભીનુ વસ્ત્ર મસ્તક પર વિટાળી જમવું નહિ. અગ્નિ, નૈરુત્ય, વાયવ્ય અને ઈશાન દિશા તરફ તથા દક્ષિણ દિશા તરફ મુખ રાખી અને ટૂંકા આસન પર બેસી ભોજન કરવું નહિ. વળી ભાંગેલા વાસણમાં ભોજન લેવું નહિ.

જમતી વખતે સારી, સ્નિગ્ધ, મધુર અને રસયુક્ત વસ્તુ, પ્રથમ ખાવી, પ્રવાહી, ખાટી અને ખારી વસ્તુ ભોજનમાં અંતમાં ખાવી.

જીભને હિતશિક્ષા ફરમાવતાં તેમણે કહ્યું છે કે-- ''હે જીભ! ભોજન કરવામાં તું પ્રમાણ રાખજે. કારણ અતિ ભોજન અને અતિ બોલાયેલું પ્રાણીઓને મરણ આપનારું થાય છે.''

જૈનધર્મના મહાન જ્યોતિર્ધર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કૃત 'ધર્મબિન્દુ' ગ્રંથમાં ગૃહસ્થ જીવનના સામાન્ય ધર્મોનું ખૂબ જ સરળ શૈલીમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેમાં 'પ્રકૃતિને અનુકૂળ સમય પર ભોજન' એ વિષય પર પ્રકાશ પાડતા જણાવાયું છે કે આહારનો આપણા તન-મન-આત્મા સાથે ગાઢ સંબંધ છે. આહાર વિના શરીર દુર્બળ બને છે. અને મન નિર્બળ બને છે. આથી શરીરને ટકાવી રાખવા અને મનને મજબૂત કરવા દરેક માણસે આહાર તો લેવો જ જોઈએ. પરંતુ માણસ પોતાની પ્રકૃતિથી પ્રતિકૂળ અને અયોગ્ય સમયે ભોજન કરે તો તેનું વિપરીત પરિણામ આવ્યા વિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેતું નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે જીવન માટે આહાર છે, આહાર માટે જીવન નથી. તેથી સાધક આત્માએ હંમેશા સાદો અને સાત્વિક ખોરાક જ લેવો જોઈએ. જે ભોજનથી તબિયત બગડે અને બુદ્ધિ કુંઠિત થાય તેવું ભોજન તો હરગિજ લેવું જોઈએ નહિ. માત્ર સ્વાદ ખાતર જ ભોજન લેવું યોગ્ય નથી.

બહુ સ્વાદિષ્ટ ખોરાકથી આહારની માત્રા વધી જતાં હોજરીના, આંતરડાના અને યકૃત (લીવર) ના અનેક રોગ થવાનો સંભવ છે. આવા ખોરાકથી ઉંઘ અને આળસ વધી જાય છે. તામસિક ગુણોની વૃદ્ધિ થાય છે અને સ્વાધ્યાય, જાપ, પ્રભુભક્તિમાં એકાગ્રતા લાવી શકાતી નથી. અહિંસા અને બ્રહ્મચર્યની બાબતમાં પણ શિથિલતા આવી જાય છે પરિણામે સાધક પોતાની સાધક દશા ગુમાવી બેસે છે.

માણસે ભૂખ હોય ત્યારે જ ભોજન લેવું જોઈએ. ભૂખ લાગ્યા વિના ભોજન લેવાથી તે પચી શકતું નથી અને અજીર્ણ થઈ જાય છે. ભૂખ લાગે ત્યારે ભોજન લેવામાં ન આવે તો શરીરબળ ક્ષીણ થઈ જાય છે. અને ભૂખ વિના ભોજન લેવાથી શરીરને નુકશાન થાય છે. તે વાત ખાસ યાદ રાખવી જરૂરી છે. જમતી વેળા પોતાની શારીરિક પ્રકૃતિનો ખ્યાલ કરવો અત્યંત આવશ્યક છે. વાત-પિત્ત અને કફ આ ત્રણે પ્રકૃતિઓની જાણકારી મેળવી લેવી જોઈએ. ક્યારે ખાવું, કેટલું ખાવું, ક્યાં ખાવું, કેવી રીતે ખાવું તે સઘળી બાબતો સમજીને તેને અમલી બનાવવી જોઈએ.

સાદો, સાત્વીક, મરી-મસાલા-તેલ વગેરે જેમાં ઓછા હોય તેવો અને સહેલાયથી પચે તેવો ખોરાક સાધકને માટે યોગ્ય છે. બહુ ઘીવાળી, પચવામાં ભારે હોય તેવી તથા મીઠાઈ વગેરે વાનગીઓ ભોજનમાં લેવાથી પચવામાં ઘણો સમય લાગે છે. તળેલી વાનગીઓ લાંબા સમય સુધી હોજરી તથા નાના આંતરડામાં રહે છે અને તે કારણથી પેટ ઘણા કલાકો સુધી ભારે રહે છે. આમ ભારે આહાર લીધા પછી સ્વાધ્યાય અને ધ્યાન પ્રવૃત્તિમાં સાધકનું મન એકાગ્ર રહી શકતું નથી.

આપણા તન-મનથી સ્વસ્થતા, વાણીની ક્ષમતા, અને શ્વાસોશ્વાસની નિયમિતતા આપણા આહાર પર જ નિર્ભર છે. તેથી તમારી પ્રકૃતિ વિરુદ્ધ આહાર લેવાવો જોઈએ નહિ. ભૂખ લાગે ત્યારે જ ભોજન કરવું જોઈએ અને અજીર્ણ થયું હોય ત્યારે ભોજનનો ત્યાગ કરી ઉપવાસ કરવો જોઈએ.

* * *

(ભગવાન મહાવીર....પાનું-૧૨ ચાલુ)

સર્વ પ્રથમ શકેન્દ્રએ ભગવાનની અને માતા ત્રિશલાની ત્રણ વાર પ્રદક્ષિણા કરી. એમના હૃદયમાં અપાર ભક્તિભાવ ઊભરાતો હતો.

દેવદેવીઓ પાસે અપાર ભૌતિક વૈભવ હોય, સંસારની સઘળી સુખસમૃદ્ધિ હોય, પરંતુ આવા દેવોને પણ ભગવાનની ભક્તિમાં ભારે ઉમંગ આવે છે. સમ્યક્દૃષ્ટિ દેવોને વૈભવી અને વિલાસી જીવન વ્યર્થ લાગે છે અને ભક્તિના આનંદમાં અનેરો ઉલ્લાસ જાગે છે.

ભગવાન મહાવીરના આગમને ચારેય દિશાઓને અજવાળી દીધી.

* * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિમાલયની પત્રયાત્રા

*આલેખક : પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મ.*
*પ્રેષક : પૂ. આ. વિ. પ્રદ્યુમ્નસૂરિશ્વરજી મ.*

## પત્ર-૧૩

**ગોચર** **જેઠ સુદિ-૫**

વંદના. ઘોલતીરથી ૮ કિલોમીટર દૂર ગોચર જવા નીકળ્યા. બે પહાડો વચ્ચે પા-અડધો કિલોમીટર જેટલું મેદાન હોય એવું પહેલી જ વાર જોવા મળ્યું. ત્રણેક કિલોમીટર જેટલા પ્રદેશમાં આવો વિસ્તાર છે. એમાં ખેતી-ગામ-ઘરો-મોટી સરકારી હોસ્પિટલ વગેરે છે. એક મોટા મેદાનમાં શીખોનો મોટો કેમ્પ પડેલો હતો. ત્યાં ગુરુદ્વારા બાંધવાની તેમની યોજના છે. રસ્તા ઉપરથી જે કોઈ પસાર થાય તેમને બોલાવી બોલાવી આ શીખો શરબત-ચા વગેરે પિવરાવતા હતા તથા જમાડતા હતા.

ગોવિંદઘાટ પાસે હેમકુંડ નામનું સ્થાન છે. બદરીનાથની પહેલાં તથા જોશીમઠ ગયા પછી ગોવિંદઘાટ નામનું સ્થાન આવે છે. આ હેમકુંડમાં શીખોના છેલ્લા ગુરુ ગોવિંદસિંહે મોટી તપશ્ચર્યા-સાધના કરી હતી. એટલે આ હેમકુંડની યાત્રાએ શીખોના જથ્થાઓના જથ્થા જાય છે. ત્યાં પણ શિયાળામાં બરફ ઘણો પડવાથી એ સ્થાન બંધ થઈ જાય છે. વૈશાખ મહિનામાં આ સ્થાન ખૂલે છે, એટલે આ રસ્તેથી ઘણા જ યાત્રાળુઓ પસાર થાય છે.

ઘોલતીરથી ત્રણેક કિલોમીટર ચાલ્યા પછી, પહાડ-ખીણ-નદી-ઘટ્ટ ઝાડી-જાતજાતનાં ઘણાં ઘણાં ઊંચા તથા નાનાં વૃક્ષો નજરે પડે છે. જ્યાં જુઓ ત્યાં **पृथिवी देवता, आपो देवता, वनं देवता** છે. you are on HIMALAYA– આવાં અનેક જાતનાં બોર્ડ રસ્તા ઉપર જોવા મળે છે. ગોચર પહોંચતાં પહેલાં ગોચરની નજીકમાં મોટો ભારત-તિબેટન પૂલીસ થાણાનો વિશાળ કેમ્પ છે.

અમે ગોચરમાં સડકની નજીકમાં જ વિદ્યાલયમાં ઊતર્યા છીએ. અહીંના અધ્યક્ષે સારી વ્યવસ્થા કરી આપી છે. સ્કૂલનું નામ શિશુ સરસ્વતી મંદિર છે.

હવે અમે ખરેખર હિમાલયમાં જ ફરી રહ્યા છીએ. રોજે રોજ નવાં નવાં કુદરતી દૃશ્યો જોવા મળે છે. વિચાર આવે છે કે માણસો ક્યાં ક્યાં રહે છે, ક્યાં ક્યાં કેવી રીતે જીવે છે, અને જીવનનિર્વાહ માટે આજીવિકા ચલાવવા માટે કેવો ઘોર ઘોર કષ્ટમય પરિશ્રમ કરે છે? આવા સંયોગોમાં મનુષ્યજીવન મળ્યા પછી પણ આર્યદેશ–ઉત્તમ શ્રાવક કુલ દેવ-ગુરુ-ધર્મની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે! ખરેખર આપણે તો સંસારમાં હિમાલયના શિખર ઉપર એવરેસ્ટ ઉપર પહોંચી ગયા છીએ. સાધનસામગ્રીના શિખર ઉપર પહોંચ્યા છીએ. સાધના કરી લઈએ અને જીવન સાર્થક કરી લઈએ. જિનેશ્વર પરમાત્માના શાસનમાં, એ જ મોટું આપણું કર્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પત્ર-૧૪

**લંઘાસુ** **જેઠ સુદિ-૮**

વંદના. ગોચરથી ૧૦ કિલોમીટર દૂર કર્ણપ્રયાગ તરફ જવા માટે જેઠ સુદિ છઠે નીકળ્યા. ગોચર ગામ લગભગ દોઢ-બે કિલોમીટર જેટલું લાંબું છે. બંને બાજુ ઊંચે-નીચે સમતલ ભૂમિ ઉપર બંગલા-હોટલો દુકાનો આદિ છે.

કર્ણપ્રયાગ આવ્યા. ત્યાં વીસેક હજારની વસ્તી છે. અહીં પિંડારા નામની ગ્લેશિયરમાંથી નીકળેલી પિંડર નદીનો અલકનંદા સાથે સંગમ થાય છે. પાંડુપુત્રે કર્ણે કહેલું કે જ્યાં ગંગા ઉત્તરવાહિની થાય ત્યાં મારો અગ્નિસંસ્કાર કરજો. એટલે પ્રયાગના સંગમસ્થાન ઉપર કર્ણમંદિર છે, તેમજ કર્ણકુંડ પણ છે. નદીની બંને બાજુએ હોટલ-આશ્રમો-ધર્મશાળાઓ-બંગલાઓ છે. અહીંથી ગંગા ઉત્તર દિશા તરફ વહે છે અને તેમાં પિંડર નદીના લીલાછમ રંગના પાણીના પ્રવાહનો સંગમ થાય છે.

કર્ણપ્રયાગમાં બે દિવસ અમારી સાથેના ભરતભાઈ તપાસ કરી આવ્યા. પણ ઊતરવાની જગ્યાનો મેળ જ ખાધો નહિ.

એક વાતની ખાસ નોંધ લેવાની છે. ભક્ત શ્રાવકો તરફથી આહાર-પાણી માટે તથા તંબુ નાખવા માટે મોટર આદિની સગવડ ગમે તેટલી હોય તો પણ ઊતરવા માટે જગ્યાની ઋષીકેશ બદ્રીનાથ સુધીના આખા રસ્તા ઉપર ખૂબ મુશ્કેલી પડે છે. હોટલ-ધર્મશાળા-સ્કૂલ આદિ જે હોય તે ક્યાં તો પહાડમાં ઊંચે ઊંચે હોય અથવા તો પહાડમાં નીચે નીચે હોય. ઊતરવા-ચડવાના રસ્તા ઘણા અગવડવાળા હોય. તંબુ નાખવા માટે મેદાન ભાગ્યે જ મળે. હોટલવાળા ખૂબ પૈસા પડાવે, ઉપરાંત આપણા સાધુજીવન માટે સ્થંડિલ--માત્રું આદિની સગવડ હોટલમાં ન હોય. આશ્રમો બહુ થોડી જગ્યાએ છે. એ પણ અવસર જોઈને પૈસા પડાવે. કર્ણપ્રયાગમાં રસ્તા ઉપર એક સામાન્ય સ્થાનમાં તપાસ કરી તો દિવસે રહેવાના પાંચસો રૂપિયા, અને રાત્રે રહેવું હોય તો તે ઉપરાંત બીજો હજાર રૂપિયા એક દિવસનો ચાર્જ-જતા-આવતા યાત્રિકો--મુસાફરો અહીં રાત્રે પ્રવાસની હિંમત ઓછી કરતા હોય છે. ભયંકર ખીણ અને આંટીઘૂંટીવાળા પહાડો ઉપર મોટર ચલાવવી અંધારામાં એ બહુ જોખમી હોય છે. એટલે આવા યાત્રિકો પાસેથી એમને સારી આવક મળે છે.

ધર્મશાળાઓમાં પરસાળમાં જતા-આવતા બાવાઓ સાથે રહેવાનું. આ બાવાઓ ચલમો ફૂંકતા હોય, એમની રીતે વાતો કરતા હોય, એમની રીતે ખાતાં-પીતા હોય. એમની સાથે રહેવું આપણને ફાવે જ નહિ. વળી આપણી સ્થંડિલ--માત્રું આદિની, આહાર-પાણી કરવા આદિની મર્યાદા હોય એટલે ધર્મશાળાઓમાં આપણને ફાવે જ નહિ-સાધ્વીજી તો આવામાં ઊતરી શકે જ નહિ-એટલે કર્ણ-પ્રયાગમાં યોગ્ય સ્થાન ન મળવાથી, બીજા ૧૦ કિલોમીટર ચાલીને લંઘાસુ આવ્યા છીએ. એકંદરે વીસ કિલોમીટર સળંગ ચાલીને અહીં આવ્યા. અહીં સડક નીચે મોટી સ્કૂલ અલકનંદાના કિનારે આવ્યા. અમારામાં ઘણાને અઠમ હોવાથી અહીં પાંચ-છ દિવસ માટે રોકાયા છીએ. બે દિવસ સતત રાત-દિવસ લગભગ વરસાદ ચાલું રહ્યો. આગળ જઈ શકાય એમ હતું જ નહિ. એટલે અહીં રોકાયા છીએ. અહીં ઋતુ જલ્દી બદલાઈ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં અમે જયાં ઊતર્યા છીએ તે સરકારી સ્કૂલ અને કોલેજ છે. લગભગ ૬૦૦ વિદ્યાર્થીઓ આજુબાજુના પહાડો આદિમાંથી ભણવા આવે છે. એમને આવવા-જવામાં પણ એકાદ કલાક લાગતો હોય છે. અહીંનું પહાડી જીવન આપણને તો બહુ કષ્ટમય લાગે. એ લોકો પેઢીઓથી ટેવાઈ ગયા હોવાથી એમને બહુ ન લાગે. પણ મેદાનવાળા પ્રદેશમાં નોકરી આદિ માટે ગયેલા ઘણા અહીં પાછા આવતા નથી. પહેલા કરતાં અર્ધી વસ્તી ખાલી થઈ ગઈ છે, એમ અહીંના ચોકિયાતનું કહેવું હતું. અહીંનો ચોકિયાત ભજનસિંગ કોંગ્રેસી છે. ભૂતકાળની ઘણી ઘણી વાતો કરે છે. પહાડના વાઘ-ચિત્તા આદિ જંગલી જાનવરોનો ભય, તથા બીજાં અનેક કષ્ટ હોવા છતાં, ભૂતકાળમાં લોકો ઘણા ઘણા સુખી હતા. દહીં-દૂધ આદિ છૂટથી મળતાં હતાં. હવે જયાં ત્યાં ચાહ થઈ ગઈ છે. પર્વતમાં ખૂબ જ જડીબુટ્ટીઓ છે. જાણકાર વૈદ્યો (ગામઠી ઘરગથ્થુ વૈદ્યો) ઘણા હતા. જડીબુટ્ટીથી જરાકમાં ભયંકર વ્યાધિઓ મટાડી દેતા હતા. પોતાના જ સ્વાનુભવની કેટલીયે વાતો એણે કરી. જૂના લોકો ભૂતકાળને ખૂબ વાગોળે છે. લોકો ચોરી-બોરીમાં સમજે નહિ. પરસ્પર ખૂબ વિશ્વાસ અને સહાય કરવાનો ભાવ.

આજકાલ ગ્લુકોઝના બાટલાઓ, ઈજેકશનો, ગોળીઓ આ બધાંએ દાટ વાળી દીધો છે. પ્રવાસીઓ ઘણા આવે છે. મોંમાગ્યા પૈસા આપે છે એટલે સ્થાનિક રહેવાસીઓને ખૂબ જ મોંઘી ચીજો લેવી પડે છે.

ગોચરથી કર્ણપ્રયાગ આવતાં, રસ્તામાં અમૃતસર સુવર્ણમંદિરથી પગે ચાલીને આવતો શીખોનો સંઘ મળ્યો. રોજ ચાલીસ-પિસ્તાલીસ કિલોમીટર ચાલ્યા કરે. રાત-દિવસ ચાલ્યા કરતા હોય. ગોવિંદઘાટ પાસે હેમકુંડસાહેબ એમનું મોટું તીર્થધામ છે. શીખો સાથે ઘણી વાતો આપણા સાધુ-સાધ્વી આદિ લોકોએ કરી. જૈન ધર્મ કેવો છે, એની એમને ખબર પણ હોય નહિ. એમને નવાઈ લાગે.

આ રસ્તે યાત્રાળુઓનો ઘણો પ્રવાહ ચાલતો હોય છે. મુખ્યતયા મોટરમાં જ જતા હોય છે. પગે ચાલતા પણ મળે.

## પત્ર-૧૫

**લંઘાસુ** (હિમાલય) **જેઠ સુદિ-૯**

વંદના.

આ રસ્તામાં એક બાજુ પહાડ અને બીજી બાજુ નદીની ઊંડી ખીણ છે. વચમાં સડક છે તે પહાડોને સુરંગથી તોડીને બનાવેલી હોય છે. એટલે પહાડની મોટી ભેખડો પાસેથી પસાર થતાં કેટલીક વાર આપણા માથા ઉપર જ મોટી મોટી શિલાઓ લટકતી લાગે. જો શિલા પડી તો જીવન ત્યાં જ સમાપ્ત. વરસાદથી અંદરની માટી ભીની થઈ જાય અને ક્યારે શિલા પડે તેનો કોઈ જ ભરોસો નહિ. આ શિલાઓ પડે તેને ભૂસ્ખલન કહે છે. આવા ભૂસ્ખલનોના સમાચાર અહીંના છાપાંઓમાં અવાર-નવાર આવ્યા જ કરતા હોય છે. સરકારે તંત્ર તો ગોઠવ્યું છે. ખબર પડે એટલે લશ્કરી ધોરણે પથરા ખસેડવા માટે ક્રેનો લઈને સરકારી માણસો પહોંચે. છતાં સરકારી તંત્ર એ સરકારી તંત્ર. રસ્તામાંથી શિલાઓ ખસેડતાં કલાકો નીકળી જાય. બેય બાજુ જતી--આવતી મોટરો અટકી જાય. આજે જ સમાચાર છે કે બદરીનાથથી નીચે વીસ કિલોમીટર ઉપર આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂસ્ખલનથી એક હજાર જેટલી બસો-મોટરો ફસાઈ ગઈ છે. અહીં આવનારે આવાં જોખમો માટે તૈયારી રાખીને જ આવવાનું. રક્ષા કરનાર ભગવાન છે એમ પાકી શ્રદ્ધા અને સંકલ્પથી આવવાનું. સામાન્ય નાના પથરાઓ તો પહાડમાંથી પડ્યા જ કરતા હોય. માથા કે પગ ઉપર પડે તો શરીરના અંગને ભાંગી નાખે. એટલે રસ્તા ઉપર બોર્ડ લગાવેલું હોય છે—

**सावधान पत्थर गिरनेका भय।**

કેટલાક અહીંના અનુભવી કહે છે કે પહાડ પાસેથી ન ચાલવું. કારણ કે પથ્થર કે શિલા પડવાનો ભય રહે છે. વળી બીજી બાજુ ઊંડી ખીણ હોવાથી મોટર હાંકનારા પણ પહાડ પાસે ચલાવતા હોય છે. ખીણથી એ પણ ગભરાતા હોય છે. એટલે પહાડ-ભેખડે પાસે ચાલનારા માણસોને મોટર અને પહાડ વચ્ચે ભીંસમાં આવી જવાનો ઘણો ભય રહે છે. તેમાં જ્યારે જતી-આવતી બે મોટરો ભેગી થાય ત્યારે ખૂબ જ જોખમ રહે છે. અમારે તો આવા ઘણા ઘણા પ્રસંગોમાંથી અહીં પસાર થવાનું આવે છે.

ખીણ બાજુ ચાલવામાં પણ, અમુક જોખમ તો રહે છે જ. ઊંડી ખીણ જોઈને જેને ચક્કર કે તમ્મર આવે તેને ખીણમાં પડી જવાનો મોટો ભય રહે છે. સ્યાદ્વાદ છે. ખીણ બાજુ ચાલવું કે પહાડની ભેખડ બાજુ ચાલવું એ માણસે પોતે પસંદ કરી લેવાનું રહે છે. જતી આવતી બે મોટરો ભેગી થાય અથવા એક મોટર બીજી મોટરને ઓવરટેક કરીને ઓળંગવા જાય ત્યારે પગે ચાલનારે બહુ જ સાવધાન રહેવાનું હોય છે. આવા પ્રસંગે ચાલ્યા વિના ઊભા જ રહી જવું એ વધારે સલામત રહે છે. ઉતાવળ તો આ રસ્તે કરાય જ નહિ. Hurry will give you worry આવા અર્થનાં અનેક બોર્ડ રસ્તા ઉપર ઠામઠામ લગાડેલા જોવા મળે છે.

રામ રાખે એને કોણ ચાખે? ભગવાનના પાકા ભરોસે જ ચાલવાનું હોય છે છતાં પૂરી સાવધાની રાખવી એ દરેકની ફરજ છે, જવાબદારી છે. ✻

(પાનું-૧૯ થી ચાલુ)

પ્રેરણા અને આશીર્વાદથી આ સભાએ જૈન સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આજે પણ આ સભા દ્વારા ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓનો જૈન-જૈનેતર ભાઈ-બહેનો લાભ લઈ રહ્યા છે.

આ સભાના ટ્રસ્ટીઓ સર્વશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ પ્રમુખશ્રી, દિવ્યકાંત મોહનલાલ સલોત-ઉપપ્રમુખ, હિંમતલાલ અનોપચંદ મોતીવાળા-મંત્રીશ્રી, ચીમનલાલ વર્ધમાન શાહ-મંત્રીશ્રી, ભાસ્કરરાય વૃજલાલ વકીલ-મંત્રીશ્રી, હસમુખભાઈ જે. શાહ-ખજાનચી તથા કારોબારીના સભ્યશ્રીઓ સર્વ શ્રી કાંતિલાલ રતિલાલ સલોત, પ્રવિણચંદ્ર જે. સંઘવી, ચીમનલાલ ખીમચંદ શેઠ, ખાંતિલાલ મુળચંદ શાહ, નટવરલાલ પી. શાહ, જસવંતરાય ચીમનલાલ ગાંધી, રસેસકુમાર એમ. શાહ, ભૂપતરાય નાથાલાલ શાહ, હર્ષદરાય અમૃતલાલ સલોત તથા મનહરલાલ કે. મહેતા વગેરે આ સભા દ્વારા ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓમાં તન-મન-ધનથી માનદ્ સેવા આપી રહ્યા છે.

એકસો ચાર વર્ષની લાંબી મજલ પાર કરવા છતાં આ સભા આજે પણ તેના માનદ્સેવાના કાર્યો અવિરત પણે કાર્યવંત છે. જે જૈન સમાજના શ્રાવક-શ્રાવિકા ભાઈ-બહેનોના સહકારને આભારી છે. ✻

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન મહાવીર જન્મકલ્યાણક

—કુમારપાળ દેસાઈ

ભગવાન મહાવીરનું જન્મકલ્યાણક એટલે પૃથ્વી પર પ્રગટેલો અહિંસા, સત્ય, તપ, સંયમ, અપરિગ્રહ અને અનેકાંતનો પ્રકાશ.

પર્વાધિરાજ પર્યુષણનો પાંચમો દિવસ એટલે કલ્પસૂત્રમાંથી પ્રભુ મહાવીરના જન્મકલ્યાણકની ઘટનાના વાચનનો દિવસ.

કેટલીક વ્યક્તિનો જન્મ કુટુંબમાં આનંદ સર્જે છે. કોઈકનો જન્મ રાજ્ય અને રાષ્ટ્રના આનંદનો વિષય બને છે, જ્યારે ભગવાન મહાવીરનો જન્મ એ ત્રણે લોકના આનંદ અને કલ્યાણકનું કારણ બને છે.

ભગવાન મહાવીરના જન્મ પૂર્વે અને જન્મ પછીની ઘટનાઓ જોઈએ.

રત્નાકરના પેટાળમાં લાખેણું મોતી હોય તેમ રાણી ત્રિશલાની કૂખમાં વર્ધમાનનો ગર્ભ રહેલો છે. રાણી ખૂબ જતનથી એની ખેવના રાખે છે. ગર્ભવતી માતા અપાર અકળામણ આનંદભેર સહન કરે છે.

દેવાનંદાની કૂખમાં બ્યાશી દિવસ અને ત્રિશલાની કૂખમાં સાડાત્રણ મહિના એમ આશરે સાડા છ મહિનાનો ગર્ભકાળ થયો હતો, ત્યારે વર્ધમાન વિચારે છે કે મારાં વિકસતાં અંગોપાંગ અને મારું હલનચલન માતાને કેટલી બધી પીડા આપે છે. મારું આગમન જગતમાત્રના જીવોને સહેજ પણ દુઃખ આપે તો કેવું ગણાય? મારે તો સર્વ જીવનું શ્રેય સાધવાનું છે. એમાંય અત્યંત ઉપકારી એવી માતાને મારાં હલન-ચલનથી પીડા થતી હોય તે મારા માટે સહેજે ઉચિત નથી.

આમ વિચારી ત્રિશલામાતાના ઉદરમાં રહેલો ગર્ભ શાંત થયો. ત્રિશલાના તનની અકળામણ ઓછી થઈ, પણ મનની અકળામણ એકાએક વધી ગઈ. ત્રિશલાને શંકા જાગી કે શું કોઈ દેવે મારો ગર્ભ હરી લીધો કે પછી મારો ગર્ભ ગળી ગયો. આમ, જુદી જુદી શંકાઓ કરતાં ત્રિશલા માતા આક્રંદ કરવા લાગ્યાં. રાજા સિદ્ધાર્થ ચિંતાતુર બન્યા. રાજમહેલમાં ચાલતાં નાટકો અટકી ગયાં અને વીણા અને મૃદંગ વાગતાં બંધ થઈ ગયા. ત્રિશલા માતા મૂર્છિત બની ગયાં. આ સમયે ગર્ભસ્થ વર્ધમાને અવધિજ્ઞાનથી માતા, પિતા અને પરિવારજનોને શોકવિહ્વળ થયેલાં જોયાં. એમણે વિચાર્યું કે જે કામ સુખને માટે કર્યું, તેનાથી તો ઊલટું દુઃખ નિષ્પન્ન થયું.

ભર્યા જળાશયમાં મત્સ્ય હાલે તેમ ગર્ભ ફરક્યો અને મા હસી પડી. આખી દુનિયા હર્ષમાં ડૂબી ગઈ. આ ઘટનાએ મહાન આત્માના મન પર ગાઢ અસર કરી. એમણે વિચાર્યું કે માતાને પુત્ર તરફ કેવો અજોડ પ્રેમ હોય છે. હજી હું ગર્ભમાં છું, માતાએ મારું મુખ પણ જોયું નથી છતાં કેટલો બધો પ્રેમ! આવાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માતા-પિતા હોય અને હું સંયમ ધારણ કરું તો એમને ઘણું દુઃખ થાય. આથી અભિગ્રહ કરું છું કે માતા-પિતાની જીવિત અવસ્થામાં હું સંસારનો ત્યાગ કરીને દીક્ષા નહીં લઉં. જન્મપૂર્વે ભગવાને પહેલો ઉપદેશ આપ્યો માતૃભક્તિનો.

સમય વીતતો જાય છે. રૂડી ગ્રીષ્મ ઋતુના ચૈત્ર મહિનાના શુકલ પક્ષની તેરસનો એ દિવસ હતો. વિ. સં. પૂર્વે ૫૪૩ની એ ચૈત્ર સુદ ૧૩ની મધ્યરાત્રિએ હસ્તોત્તરા નક્ષત્રના યોગમાં બંને માતાની કુક્ષિમાં કુલ ૯ મહિના અને સાડા સાત દિવસ વીત્યા બાદ ત્રિશલાદેવીએ પુત્રને જન્મ આપ્યો. શુકલ ત્રયોદશીનો ચંદ્ર આભમાંથી ચાંદની ઢોળતો હતો. પરંતુ પૃથ્વી પર તો એનાથી ય વધુ શીતળતા વ્યાપી રહી. આવા આત્માના જન્મસમયનો આનંદ દશ્ય અને અદશ્ય વિશ્વમાં વ્યાપી વળ્યો. સ્વર્ગ, પૃથ્વી અને પાતાળમાં લોકોત્તર દિવ્ય પ્રકાશ પથરાઈ ગયો. પ્રસૂતિનું કાર્ય સંભાળતી ૫૬ દિક્કુમારિકા દેવીઓનાં સિંહાસનો ચલિત થયાં. એક નહીં, પાંચ કે પચીસ નહીં, પરંતુ છપ્પન દિક્કુમારિકાઓ ભગવાનના જન્મ પ્રસંગને જાણીને પોતાનું કર્તવ્ય બજાવવા માટે જન્મની રાત્રે જ આવી પહોંચી. ભગવાન અને માતા ત્રિશલાને નમસ્કાર કર્યા.

આ છપ્પન દિક્કુમારિકાઓમાંથી આઠ અધોલોકમાંથી આવી હતી; એમણે સૂતિકાગૃહ સંભાળ્યું. ઊર્ધ્વલોકમાંથી આઠ આવી; એમણે સુગંધી જળ છાંટી પુષ્પ વેર્યા. દક્ષિણ પર્વતની કુમારિકાઓએ કળશ લીધા. પૂર્વથી આવનારી કુમારિકાઓએ દર્પણ લીધા. પશ્ચિમની કુમારિકાઓએ વીંઝણાં વાયા. ઉત્તરથી આવનારીઓએ ચામર ઢાળ્યા.

ત્રણ કદલીગૃહ ને ચાર ચોક રચ્યા. એકમાં બાળા રાજાને સુગંધી તેલથી અભ્યંગ કર્યા. બીજામાં સ્નાન ને શરીર પોછણ કર્યું. એકમાં ગોશીર્ષ ચંદન રચ્યું. પછી એકમાં સિંહાસન પર મા-પુત્રને બેસાડ્યાં અને આ કાર્ય માટે આવનારી કુમારિકાઓએ નાટ્ય, ગીત અને નૃત્ય આદર્યા. કવિની કલ્પનાને પાંખો આવે એવો આ પ્રસંગ હતો. એમણે સ્વર્ગને નજર સામે સાકાર કરી, ભગવાનનાં ગુણગાન કરીને છપ્પન દિક્કુમારિકાઓએ વિદાય લીધી.

છપ્પન દિક્કુમારિકાઓએ અંતરના આનંદથી અને હૃદયની ભક્તિથી જન્મોત્સવ કર્યો. આ સમયે અસંખ્ય યોજન દૂર આકાશમાં વસતા ઈન્દ્રોના સિંહાસનો ડોલી ઊઠ્યાં. અરે ! પાતાળવર્તી દેવલોકનાં સિંહાસનો પણ ચલિત થયાં. ઈન્દ્રોમાં મુખ્ય એવા સૌધર્મ દેવલોકના શક્રેન્દ્ર તત્કાળ તૈયાર થઈ ગયા. એમણે અવધિજ્ઞાનથી જોયું કે પૃથ્વી પર પ્રભુનો જન્મ થયો છે. એમણે સુઘોષા ઘંટા વગડાવી. તત્કાળ અનેક દેવ-દેવીઓ સાથે એમણે સવારી ઉપાડી. સહુને ઉત્સાહભેર એ કહેતા હતા કે પૃથ્વી પર મહાન આત્માએ જન્મ ધારણ કર્યો છે. એ ધર્મનાયક મહામાનવ દેવોને પણ પૂજ્ય છે. ચાલો, ચાલો, આપણે એમની પાસે જઈએ. નમસ્કાર કરીએ. એમનાં દર્શન, વંદન અને સ્તુતિ કરીએ. આ રીતે એક નહીં, પણ અનેક ઈન્દ્રો હાજર થયા. એમાં ભવનપતિ અને વાણવ્યન્તર, જયોતિષ અને વૈમાનિક દેવ અને નિકાયના ઈન્દ્રો આવ્યા. દેવોનો મોટો સમૂહ પણ કુંડપર દોડી આવ્યો. જાણે દેવોમાં દર્શન-વંદન કરવાની સ્પર્ધા ન હોય!

(અનુસંધાન પાનું ૬ પર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ડૉ. કુમારપાળ દેસાઈની અમેરિકામાં યોજાયેલી પ્રવચન-શ્રેણી

અમેરિકાના જૈન સેન્ટર ઓફ અમેરિકા (ન્યૂયોર્ક) અને ગુજરાતી લિટરરી એકેડેમીના સંયુક્ત નિમંત્રણથી જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ચિંતક ડો. કુમારપાળ દેસાઈનો અમેરિકાનો પ્રવાસ યોજાયો છે.

જૈન સેન્ટર ઓફ અમેરિકાના ઉપક્રમે તેઓ પર્યુષણ પર્વ દરમિયાન અનેકાન્તવાદ, કર્મવાદ, કલ્પસૂત્ર, મહાવીરસ્વામીનું જીવનરહસ્ય જેવા વિષયો પર સવાર-સાંજ વકતવ્ય આપશે. આ પ્રસંગે ડો. કુમારપાળ દેસાઈ લિખિત 'વેજિટેરિયનિઝમ', 'વેલ્યુ એન્ડ હેરીટેજ ઓફ જૈન રિલિજિંયન', 'રોલ ઓફ વુમન ઈન જૈનિઝમ', 'ઈસેન્સ ઓફ જૈનિઝમ' અને 'ટાઈમલેસ મેસેજ ઓફ ભગવાન મહાવીર' જેવા અંગ્રેજી પુસ્તકોનું વિમોચનવિધિ યોજાયો છે. ન્યૂયોર્ક ઉપરાંત ન્યૂજર્સી અને ડલાસમાં પણ એમના પ્રવચનો યોજાયા છે.

## શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને આર્થિક સહાય

શ્રી મહાવીર જૈન વિદ્યાલય હસ્તકના ફંડોમાંથી ધોરણ દસ પછીના ડીપ્લોમાં તથા સ્નાતક સુધીના અભ્યાક્રમો માટે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ--વિદ્યાર્થીનીઓને તેમના અભ્યાસમાં સહાયરૂપ થવા પૂરક રકમની સહાય આપવામાં આવે છે. જરૂરિયાતમંદોને નીચેના સરનામેથી અરજી પત્રકો મળશે.

અરજી પત્રકો સ્વીકારવાની છેલ્લી તા. ૩૦-૮-૨૦૦૧ છે.

સરનામુ :
શ્રી મહાવીર જૈન વિદ્યાલય,
૫૦--૫૪, ઓગસ્ટ ક્રાંતિમાર્ગ, મુંબઈ-૪૦૦૦૩૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યર્થની દોડ

બગીચાનાં બાંકડા પર બેસીને બે શ્રીમંત છોકરાઓ વાતો કરતા હતા...અને તેમની બાજુમાં ઉભેલો ગરીબનો છોકરો એ વાતો સાંભળતો હતો....

'દોસ્ત ! મારા પિતાજી મર્યા ત્યારે રૂા. ૧૦ લાખ મૂકતા ગયા !'

'એમાં શું ? મારા પિતાજી આ દુનિયામાંથી વિદાય થયા ત્યારે રૂા. ૨૦ લાખ રોકડા....ચાર બંગલા અને છ મોટરો મૂકતા ગયા....'

આ સાંભળીને પેલો ગરીબનો છોકરો ખડખડાટ હસવા લાગ્યો....

'અલ્યા ! હસે છે કેમ ?'

'હસુ નહિ તો બીજું શું કરું ? તમારા પિતાશ્રીઓ તો ૧૦-૨૦ લાખ મૂકીને મર્યા જ્યારે મારા બાપુજી તો આખી દુનિયા મૂકીને મર્યા ! બોલો, તમારા કરતાં હું વધારે નસીબદાર ખરો કે નહિ ?'

હડકાયા કૂતરાની જેમ સંપત્તિ મેળવવા માટે ચારેય બાજુ ભટકતા આજના શ્રીમંતોએ આ દૃષ્ટાંત યાદ રાખવા જેવું છે....ગમે તેટલી સંપત્તિ એકઠી કરો...એ સંપત્તિ અહીંયા જ રહી જવાની છે....અને એની ખાતર કરેલા પાપો પરલોકમાં સાથે જ આવવાના છે. આ સનાતન સત્યને ભૂલશો નહિ.

---

With Best Compliments from

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા આયોજિત યાત્રાપ્રવાસ

*-અહેવાલ : મુકેશ સરવૈયા*

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરે આયોજિત તા. ૧૭-૬-૦૧ રવિવારના રોજ ઘોઘા, તળાજા, દાઠા, શેત્રુંજી ડેમ તથા પાલીતાણા-તલાટી તીર્થનો યાત્રાપ્રવાસ યોજવામાં આવેલ હતો.

આ યાત્રાપ્રવાસ કારતકથી જેઠ માસનો સંયુક્ત રાખવામાં આવ્યો હતો. જેમાં ડેમ, ઘોઘા, પાલીતાણા તથા તળાજાના દાતાશ્રીઓની વ્યાજની રકમમાંથી ગુરુભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

આ યાત્રાપ્રવાસમાં ડોનરશ્રીઓ, સભ્યશ્રીઓ તથા ગેસ્ટશ્રીઓ સારી એવી સંખ્યામાં જોડાયા હતા.

ભાવનગરથી વહેલી સવારે ૬=૦૦ કલાકે નીકળી સવારના ૭=૦૦ કલાકે ઘોઘા પહોંચ્યા હતા. અહિં સેવા-પૂજા-દર્શન-ચૈતન્યવંદન તથા નવકારશી કરી સવારના ૯=૦૦ કલાકે તળાજા તરફ રવાના થયા હતા. સવારે ૧૦:૩૦ કલાકે તળાજા પહોંચ્યા હતા. અહિં તળાજા ગિરિરાજ ઉપર સેવા-પૂજા-દર્શન તથા ચૈતન્યવંદન કરી બપોરના ૧૨:૦૦ કલાકે દાઠા તરફ રવાના થયા હતા. અહિં સેવા-પૂજા-દર્શન તથા બપોરના જમણ બાદ અહિંથી ૩=૦૦ વાગે શેત્રુંજી ડેમ તરફ રવાના થયા હતા અહિં દર્શન-ચૈત્યવંદન તથા ચાપાણી કરી પાલીતાણા તરફ રવાના થયા હતા. પાલીતાણા નરશી નાથા ધર્મશાળામાં સાંજનું જમણ લઈ પાલીતાણા-તલાટી દર્શન કરી ભાવનગર તરફ પ્રયાણ કર્યું હતું. આમ પંચતીર્થી યાત્રાનો લાભ લઈ સૌ ભાવનગર રાત્રીના ૧૦=૦૦ કલાકે પહોંચ્યા હતા.

(ટાઇટલ-૩નુ ચાલુ)

ઉપર ગઈ. લોકોએ એને અધમૂવો કરી નાખ્યો હતો. અલીસાહેબે પ્યાલો પાછો આપતાં કહ્યું, 'બિરાદરો! આ પાણીની જરૂર પેલા ભાઈને મારા કરતાં વિશેષ છે...'

'અલીસાહેબ, એ આપનો હત્યારો છે! કોઈક બોલ્યું.

'તો શું થયું? એ માણસ તો છે ને!'

'માણસ નહિ, હેવાન છે! એણે આપના જેવા મહાન ખલીફાની હત્યા કરવાનો પ્રયત્ન કર્યો...'

'ભાઈઓ, ક્રોધ કરતાં પ્રેમ મહાન છે અને સજા કરતાં ક્ષમા ભવ્ય છે. આજ સુધી તમને સૌને હું જે ઉપદેશ આપતો રહ્યો છું તેનું પાલન કરવાની આ પળ આવી છે. જો આ પળ ચૂકી જઈએ તો આપણી બંદગી ય લાજે ને મારો ઉપદેશ પણ આડંબર જ ગણાય! માટે પાણીનો પ્યાલો એ ભાઈને જ આપો...'

અલીસાહેબના આગ્રહ સામે સૌએ ઝૂકવું પડ્યું.

અને એ ધન્ય પળે હત્યારાના હૈયામાં જબરદસ્ત હલચલ મચાવી દીધી. હજારોની હત્યા કરનારો એ ક્રૂર માણસ અલીસાહેબનો બંદો બન્યો અને કરુણાએ પોતાનો ધર્મ બનાવ્યો!

ક્ષમા આવી વિરલ ક્ષણ છે!

*(લેખક શ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર' માંથી જનહિતાર્થ સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગર જિલ્લામાં ચાતુર્માસ બિરાજમાન ગુરુભગવંતો

**પૂ.આ.શ્રી માનતુંગસૂરિશ્વરજી મ.સા.**
પૂ. મુનિશ્રી લલિતસેન વિજયજી મ. આદિ
શ્રી જૈન શ્વે૦ દેરાસર ઉપાશ્રય
રૂપાણી સર્કલ, ભાવનગર-૩૬૪૦૦૨

**પૂ.આ.શ્રી ઈન્દ્રસેનસૂરિશ્વરજી મ.સા.**
**પૂ. ગણિશ્રી વિશ્વસેનવિજયજી મ.**
**બાલમુનિશ્રી ભાગ્યસેનવિજયજી મ. આદિ**
**બાલમુનિશ્રી જિનેન્દ્રસેનવિજયજી મ.**
શ્રી જૈન શ્વે૦ દેરાસર- ઉપાશ્રય
વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨

**પૂ.આ.શ્રી સિંહસેનસૂરિશ્વરજી મ.સા.**
**પૂ. ગણિશ્રી સુવ્રતસેનવિજયજી મ. આદિ**
**પૂ. મુનિશ્રી વજયશવિજયજી મ.**
કૃષ્ણનગર જૈન ઉપાશ્રય,
નેમિસૂરિ માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ. ગણિશ્રી હર્ષસેનવિજયજી મ.સા.**
**પૂ. મુનિશ્રી મુક્તિસેનવિજયજી મ. આદિ**
**પૂ. મુનિશ્રી પાર્શ્વસેનવિજયજી મ.**
દાદા સાહેબ જૈન દેરાસર ઉપાશ્રય,
કાળાનાળા, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ. ગણિશ્રી હિતવર્ધનવિજયજી મ.સા.**
**પૂ. મુનિશ્રી હિરણ્યસેનવિજયજી મ.**
**પૂ. મુનિશ્રી અમરસેનવિજયજી મ. આદિ**
શ્રી જૈન શ્વે૦ દેરાસર-ઉપાશ્રય,
શાસ્ત્રીનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ. મુનિશ્રી કુશલસાગરજી મ.સા.**
**પૂ. મુનિશ્રી સુમતિસાગરજી મ.સા. આદિ**
નૂતન જૈન ઉપાશ્રય, નાનભા શેરી,
રાધનપુરી બજાર, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ. પ્રવર્તકશ્રી જયચંદ્રવિજયજી મ. આદિ**
ગોડીજી જૈન શ્વે૦ ઉપાશ્રય,
વોરા બજાર, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ. મુનિશ્રી રત્નધ્વજવિજયજી મ. આદિ**
શ્રી જૈન શ્વે૦ દેરાસર-ઉપાશ્રય
વડવા ચોરા પાસે, ભાવનગર-૩૬૪૦૦૧

**પૂ.આ.શ્રી કુંદકુંદસૂરિશ્વરજી મ.સા.**
**પૂ. મુનિશ્રી વિનયધર્મવિજયજી મ. આદિ**
શ્રી જૈન શ્વે૦ દેરાસર-ઉપાશ્રય,
(જિ. ભાવનગર. સૌરાષ્ટ્ર) ઘોઘા-૩૬૪૧૧૦

**પૂ.આ.શ્રી રૂચક ચંદ્રસૂરિશ્વરજી મ.સા.**
**પૂ. મુનિશ્રી કુમુદચંદ્રવિજયજી મ. આદિ**
જૈન શ્વે૦ દેરાસર-ઉપાશ્રય
(જિ. ભાવનગર. સૌરાષ્ટ્ર) તળાજા-૩૬૪૧૪૦

**પૂ.આ.શ્રી વિજયદાનસૂરિજી મ.સા. આદિ**
કેસરીયાજીનગર ધર્મશાળા,
(જિ. ભાવનગર) પાલીતાણા-૩૬૪૨૭૦

**પૂ.આ.શ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ.સા. આદિ**
કેસરીયાજીનગર ધર્મશાળા,
(જિ. ભાવનગર) પાલીતાણા-૩૬૪૨૭૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાનસાગરની દીવાદાંડીરૂપ શ્રી જૈન આત્માનંદ સભા આજે એકસો પાંચમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે.

*—અહેવાલ પ્રમોદકાંત કે. શાહ પ્રમુખ*

ભાવનગર શહેર સૌરાષ્ટ્રનું પ્રગતિશીલ શહેર છે. શહેરની સંસ્કારીતા, વિદ્યાપ્રેમ, કલા અને શિક્ષણક્ષેત્રે આ શહેર આગવું સ્થાન ધરાવે છે. સૌરાષ્ટ્રની અર્વાચીન સંસ્કારીતાનો અર્ક અહિં દ્રષ્ટિગોચર થાય છે. આ શહેરની પુણ્યભૂમિમાં ભવ્ય અને ઉદાત્ત પ્રેરણાના પીયુષ પડેલા છે. આ ભોમકા ઉપર પ્રજાના રખેવાળ એવા પ્રજા વાત્સલ્યપ્રિય સ્વ. નેક નામદાર શ્રી કૃષ્ણકુમારસિંહજી જેવા રાજવીઓ થઈ ગયા છે, તો ભાવનગરની અસ્મિતાને ઉજ્જવળ કરનાર શ્રી ગૌરીશંકર ઓઝા, શ્રી શામળદાસ મહેતા, સર પ્રભાશંકર પટ્ટણી જેવા બુદ્ધિશાળી, રાજનીતિના કુશળ અને ધર્મપ્રેમી દીવાનોનો ફાળો પણ અમૂલ્ય છે.

અહિંના જૈન સંઘમાં પણ ધર્મનિષ્ઠ શ્રેષ્ઠિવર્યો વોરા અમરચંદ જસરાજભાઈ, શેઠ ગીરધરલાલ આણંદજી, શેઠ કુંવરજીભાઈ, આણંદજી, શેઠ ઝવેરચંદભાઈ ભાઈચંદ, શેઠ ત્રિભુવનદાસ ભાણજીભાઈ, શેઠ નરોત્તમદાસ ભાણજીભાઈ, શેઠ રતનજીભાઈ વીરજીભાઈ વકીલ, શેઠ મુળચંદભાઈ નથુભાઈ, શેઠ મગનલાલ ઓધવજીભાઈ, શેઠ મોતીચંદ ગીરધરભાઈ, શેઠ જુઠાભાઈ સાકરચંદ વોરા, માસ્તર મોતીચંદભાઈ ઝવેરભાઈ, શેઠ ગુલાબચંદ આણંદજી, ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસ, શેઠ જીવરાજભાઈ ઓધવજીભાઈ, શેઠ દેવચંદભાઈ દામજીભાઈ, શેઠ કુંવરજીભાઈ મુળચંદભાઈ શાહ, શેઠ મોતીચંદભાઈ ઓધવજીભાઈ શાહ, શેઠ ગુલાબચંદભાઈ લલ્લુભાઈ શાહ, પ્રોફેસર ખીમચંદભાઈ ચાંપશીભાઈ શાહ, શાહ હીરાલાલ ભાણજીભાઈ જેવા આગેવાનો થઈ ગયા છે, જેમણે જૈન સમાજ અને ભાવનગર શહેરની સમાન રીતે સેવા કરી છે.

શ્વેતાંબર જૈનોમાં ભાવનગર અમદાવાદ પછી બીજા નંબરે જૈનપુરી તરીકે ઓળખાય છે. અહિંના જૈનોની ગુરુદેવો પ્રત્યેની ધર્મભાવના પણ સારી રીતે જાણિતી છે. અહિં અનેક સંસ્થાઓની શરૂઆત જૈનોએ કરેલી છે અને એ સંસ્થાઓ દ્વારા સમાજના દરેક વર્ગના લોકોને તેનો લાભ મળી રહ્યો છે.

શ્રી જૈન આત્માનંદ સભાની સ્થાપના અને તેનો ઇતિહાસ પણ જૈન જગતના ક્ષેત્રે ઉજ્જવળ, પ્રેરણાત્મક અને ભવ્ય છે. ભાવનગરમાં જૈનોનું જાહેર જીવન પણ અગ્રેસર રહ્યું છે. આજથી લગભગ એંશી વર્ષ પહેલાં પણ જૈન સોશ્યલ કલબ, જૈન પ્રબોધક સભા, જૈન ધર્મ પ્રસારક સભા, જૈન હિતેચ્છુ સભા ઉપરાંત ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે મહત્વની ભૂમિકા નિભાવી છે. પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયાનંદ સૂરિશ્વરજી મ.સા. (આત્મારામજી મ.સા.) ના કાળધર્મ પછી બાવીસમાં દિવસે એટલે કે તા. ૧૩-૬-૧૮૯૬ના રોજ શ્રી જૈન આત્માનંદ સભાની સ્થાપના કરવામાં આવી હતી. આજે પણ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભાની માનદ્ સેવા ૧૦૫ વર્ષે પણ અવિરતપણે ચાલી રહી છે. જેનો જૈન તેમજ જૈનેતર ભાઈ-બહેનો લાભ લઈ રહ્યા છે.

## સભા દ્વારા માનદ્ સેવાની ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ

**સાર્વજનિક ફ્રી વાંચનાલય :** આ વાંચનાલયમાં દરેક અખબારો નિયમીત રીતે આવે છે. ઉપરાંત જૈન-જૈનેત્તર ધર્મના અઠવાડીક, માસીક, પાક્ષીક આદિ સામાયિકો પણ આવતાં રહે છે. જેનો યુવાનો, વિદ્યાર્થીઓ, આબાલવૃદ્ધો તેમ જ શ્રાવક-શ્રાવિકા ભાઈ-બહેનો સારી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

**શ્રી આત્મારામજી જૈન ફ્રી લાઈબ્રેરી :** આ લાઈબ્રેરી જૈન આત્માનંદ સભા સાથે સંયુક્ત અને સભા દ્વારા સંચાલિત લાઈબ્રેરી છે. જૈન યુવકો ધર્મપ્રેમી અને સાહિત્ય પ્રેમી બને તેમજ જૈન સાહિત્ય દર્શન અને તત્ત્વજ્ઞાનના અભ્યાસનો તેમને લાભ મળે, જીવનના ઉચ્ચ ઘડતર માટે પ્રેરણા મળે તેવા ઉમદા હેતુથી આ લાઈબ્રેરીની સ્થાપના કરવામાં આવી છે. આજે આ લાઈબ્રેરી સમૃદ્ધ ગણાય છે. જુના વખતમાં છપાએલા અને અત્યારે અપ્રાપ્ય બની ગયેલા કેટલાક પુસ્તકો આ લાઈબ્રેરીમાં ઉપલબ્ધ છે.

**મહત્વના પ્રકાશનો :** વિક્રમની વીસમી સદીમાં જૈન ધર્મ અને સમાજનો દરેક રીતે અભ્યુદય સાધવાનો તથા જૈન ધર્મને દેશ-પરદેશમાં પ્રસિદ્ધિ કરવા માટે પુરુષાર્થ કરનાર શ્રી આત્મારામજી મહારાજ સાહેબ છે. તેઓ જૈન ધર્મના ઊંડા અભ્યાસી, પ્રભાવશાળી વિદ્વાન, પ્રચારક અને લેખક હતા. શ્રી જૈન તત્ત્વાદર્શ મહાગ્રંથની તેમણે હિંદી ભાષામાં રચના કરી છે. આ સભાએ આ ગ્રંથનું ગુજરાતીમાં પ્રકાશન કર્યું છે.

૭૦ થી ૭૫ વર્ષ પહેલા રચાયેલા આ ગ્રંથમાં ઋષભદેવ ભગવાનથી લઈને મહાવીર ભગવાન સુધીનો ટૂંકો ઈતિહાસ અપાયેલ છે, તેમ જ ધર્મનું સ્વરૂપ વિસ્તારપૂર્વક સમજાવી જૈન ધર્મ ખરા અર્થમાં આત્મવાદી આસ્તિક દર્શન છે તેમ સિદ્ધ કરેલ છે. જીવ-અજીવ આદિ નવ તત્ત્વોમાં સમાવેશ થતી અનેક બાબતો ઉપર સુંદર વિવેચન કરી જૈન ધર્મની માન્યતાઓનું ન્યાય, નય, તર્કસિદ્ધ મહત્વ દર્શાવેલ છે. ભગવાન મહાવીર સ્વામીના ગૌતમ આદિ ગણધરો અને સુધર્માસ્વામીથી શરૂ થતી જૈન શાસનની પાટ પરંપરામાં ૬૯મી પાટ સુધી થયેલ મહાન આચાર્યો સંબંધી ટૂંકી નોંધ આ ગ્રંથમાં અપાયેલ છે. ૧૬+૬૧૨ પૃષ્ઠનો આ ગ્રંથ જૈન ધર્મના અભ્યાસ માટે ઘણો જ ઉપયોગી છે.

ઉપરાંત કલ્પસૂત્ર, કર્મગ્રંથો, વસુદેવ હિંડી ગુજરાતી અનુવાદ જેવા ગ્રંથોનું પ્રકાશન પૂર્વે આ સભા દ્વારા થયું છે જે આજે સભા પાસે વેચાણ માટે ઉપલબ્ધ નથી.

હાલમાં શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) ગ્રંથનું પ્રકાશન કરવામાં આવેલ છે જે ઉપલબ્ધ છે. રંગીન ફોટાઓ સાથેના આ નયનરમ્ય ગ્રંથની કિંમત રૂા. ૧૫૦/ રાખવામાં આવેલ છે.

**હસ્તલિખિત પ્રતિ ભંડાર :** સભાના કાર્યાલય વિભાગમાં સ્ટીલના કબાટોમાં, લાકડાની પેટીઓમાં હસ્તલિખિત પ્રતોનો સંગ્રહ કરવામાં આવેલ છે. ૧૫૦૦ થી ૨૦૦૦ હસ્ત પ્રતોનો આ સંગ્રહ અમૂલ્ય અને અપ્રાપ્ય છે. લાખો રૂપિયા ખર્ચવા છતાં ન મળી શકે તેવી આ હસ્ત પ્રતોનો ઉપયોગ વિદ્વાન સંશોધકોને કરવા દેવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**છાપેલ પ્રત ભંડાર :** સભાના સરસ્વતી હોલમાં આવેલ લાકડાના ચાર કબાટોમાં છાપેલ પ્રતોનો લગભગ ૭૦૦ જેવી પ્રતોનો અમૂલ્ય સંગ્રહ રાખવાંમાં આવેલ છે. આ પ્રતોને વ્યવસ્થિત કરવામાં, રજીસ્ટર મેન્ટેઈન્ટ કરવામાં તથા તેના માટે કાપડની જોળી બનાવી સુવ્યવસ્થિત કરવામાં પૂ. સાધ્વીજી ભગવંતોએ ખંતપૂર્વક રસ લઈ આ પ્રતોને વધુને વધુ સમૃદ્ધ બનાવી છે.

**શ્રી આત્માનંદ પ્રકાશ :** આત્માનંદ સભા દ્વારા છેલ્લા ૯૭ વર્ષથી આત્માનંદ પ્રકાશ માસીકનું (હાલ દ્વિમાસીક) પ્રકાશન કાર્ય ચાલી રહ્યું છે. જેમાં લેખો, ઉપદેશક કથાઓ, વાર્તાઓ, સભા દ્વારા ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ, સ્તવનો આદિ સમયાનુસાર પ્રગટ કરવામાં આવે છે. આ માસીકની ૧૦૦૦ નકલો સભાના પ્રેટ્રન મેમ્બરો તથા આજીવન સભ્યશ્રીઓને મોકલવામાં આવે છે.

**સભા દ્વારા પ્રકાશિત પુસ્તકોનું વેચાણ :** સભા દ્વારા અનેકવિધ પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવેલ છે. હાલમાં ઉપલબ્ધ એવા ૩૮ પુસ્તકો કાર્યાલયમાંથી વેચાણ કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. સંસ્થાઓને આ પુસ્તકો વિશેષ વળતર આપવામાં આવે છે.

**યાત્રાપ્રવાસ :** દર વર્ષે સભા દ્વારા દાતાઓના સહયોગથી યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. ઘોઘા, પાલીતાણા, તળાજા તેમ જ અન્ય ધાર્મિક સ્થળોએ યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. દાતાશ્રીઓએ દાનમાં આપેલ રકમના વ્યાજમાંથી યોજાતા આ યાત્રા પ્રવાસમાં આર્થિક રીતે નબળા વર્ગના આપણા સાધર્મિક બંધુઓ પણ લાભ લઈ રહ્યા છે.

**સ્કોલરશીપ યોજના :** કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈ-બહેનો કે જેઓ આર્થિક રીતે નબળા હોય તેઓને આ સભા તરફથી દર વર્ષે શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. ઉપરાંત ન્યુ એસ.એસ.સી ના વિદ્યાર્થી ભાઈ-બહેનો કે જેમણે સંસ્કૃત વિષય રાખ્યો હોય અને ૮૦ કે વધુ ગુણાંક પ્રાપ્ત કર્યા હોય તેવા વિદ્યાર્થી ભાઈ-બહેનોનું મેળવડાપૂર્વકનું આયોજન કરી તેમને શીલ્ડ તથા રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

**શૈક્ષણિક સહાય :** આ યોજના દાતાશ્રીઓએ આપલે રકમના વ્યાજમાંથી ચાલું છે. જે દાતાશ્રીઓએ ૫૦૦૦ કે તેથી વધુ રકમ આ યોજનમાં આપેલ છે. તેમના નામો સંસ્થામાં રાખવામાં આવેલ કેળવણી ઉત્તેજન કાયમી અનામત (વ્યાજ) ફંડના બોર્ડ ઉપર લખવામાં આવે છે. આજે પણ દાતાશ્રીઓ આ યોજનામાં તન-મન-ધનથી સહયોગી થઈ રહ્યા છે.

**વેવિશાળ હોલ :** સભાના વિશાળ બિલ્ડીંગમાં ભાવનગરના શેઠશ્રી ભોગીલાલ મગનલાલ શાહના સહયોગથી આ હોલ બનાવવામાં આવેલ છે. આ હોલમાં તપાગચ્છ મૂર્તિપૂજક તથા શ્રીસંઘના જૈન યુવકોના વેવિશાળ જેવા શુભ પ્રસંગો રાખવામાં આવે છે.

આ સભાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં આગમ પ્રભાકર પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા., પરમાર ક્ષત્રિયોદ્ધારક પૂ. આ.શ્રી વિજય ઈન્દ્રદિન્ન સૂરિશ્વરજી મ.સા., પૂ.આ.શ્રી સૂર્યોદય-સૂરિશ્વરજી મ.સા., પૂ.આ.શ્રી. વિજયશીલચંદ્ર સૂરિશ્વરજી મ.સા., પૂ.આ.શ્રી વિજયનયપ્રભ-સૂરિશ્વરજી મ.સા. આદિ આચાર્ય ભગવંતોની


(અનુસંધાન પાનું-૧૦)

For Private And Personal Use Only

A L A N K A R

PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE



We Support your Back-Bone


ALANKAR FURNITURE

VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR

---

CELL SUVIDHA
Pre-paid Mobile Phone Card

Anytime - Anywhere - Anybody




રી-ચાર્જ કુપન ખરીદો,
મોબાઈલ ફોન કવર / એસેસરીઝ
મેળવવા માટે

....ઓથો. ડીસ્ટ્રીબ્યુટર....

અમુલખ વિઠ્ઠલદાસ

૧૫, માધવહીલ, ભાવનગર.
ફોન: ૪૩૯૨૯૯

વોરાબજાર, ભાવનગર.
ફોન: ૫૧૯૪૦૬

# પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. દ્વારા આગમ સાહિત્યના પ્રકાશનની યોજના

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજના પટ્ટાલંકાર પૂજ્યપાદ આ.શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજના શિષ્ય પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મહારાજે અત્યંત પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓને આધારે એક પછી એક આગમ સાહિત્યના ગ્રંથોના સંશોધનપૂર્વક પ્રકાશનની યોજના હાથ ધરી છે. તો જેમને આ આગમ સાહિત્યમાં રસ હોય અને તેની બરાબર સાચવણી તથા સદુપયોગ કરે તેમ હોય તેવા ભંડારો તેમ જ મુનિ ભગવંતો પોતાના પુરા કાયમી સરનામા ૨૦૦૧ના સપ્ટેમ્બરના અંત સુધીમાં મોકલે કે જેથી જેમ જેમ ગ્રંથો છપાય તેમ તેમ તેમના ઉપર મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે. ગ્રંથ મોકલ્યા પછી જેમના તરફથી પહોંચ તરત નહિ આવે તેમનું નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવશે, તેનું ખાસ ધ્યાન રાખવું.

*—શ્રી જૈન આત્માનંદ સભા*
*ખોડીયાર હોટલની સામે-ખાચામાં,*
*ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧*
*ફોન : (0278) 521698*


આણા તથા વૈણાની એક્સક્લુઝીવ સાડીઓ
માટે વિશ્વાસપાત્ર સ્થળ એટલે જ



Bela
Exclusive Sari Show-Room

Haveli Street, Vora Bazar, Bhavnagar-364001
Phone : (O) 420264 (R) 426294

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મ-ધર્મી અને ધર્માર્થી

—આચાર્ય વિજયરત્નભૂષણસૂરિ

અનંત ઉપકારી ભગવાન મહાવીર પરમાત્માએ પહેલાં પોતે પોતાના જીવનમાં ધર્મની આરાધના કરી અને તેના પ્રભાવે કેવળજ્ઞાન પામ્યા તથા તેનું સર્વોચ્ચ ફળ આત્માનું સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રગટ કર્યું અને સિદ્ધિપદને પામ્યા.

આવા અનંત કરુણાના સાગર ભગવાને આખા જગતના સર્વ જીવોને આધિ-વ્યાધિ-ઉપાધિથી સંસારમાં રીબાતા જોયા. તે સર્વ જીવોને સંપૂર્ણપણે દુઃખમાંથી મુક્ત કરવા માટે ધર્મ શાસનની એટલે કે ધર્મતીર્થની સ્થાપના કરી. એ જૈન શાસન ત્યારથી અખંડપણે ચાલ્યું આવે છે અને તે આપણને સૌને મળી ગયું છે; જે આપણો મહા પુણ્યનો ઉદય છે.

ભગવાને તો એમની ફરજ બજાવી. હવે આપણે જો દુઃખી મટીને સુખી થવું હોય તો એ માટે આપણે ભગવાને બતાવેલા માર્ગ મુજબ જ જીવન જીવવું જોઈએ. મનથી સંપૂર્ણ અમલ કરવાની ભાવના રાખવી જોઈએ અને એનો અમલ પોતાની શક્તિ મુજબ કરવો જ જોઈએ.

દુઃખથી છૂટકારો મેળવવા માટે અને સુખી થવા માટેનો રાજમાર્ગ એનું જ નામ મોક્ષમાર્ગ છે. જેને આ મોક્ષમાર્ગમાં આગળ વધવું હોય તેમણે ધર્મની આરાધના અવશ્ય કરવી જોઈએ. તે માટે પહેલાં તો આપણે ધર્મને ઓળખવો જરૂરી છે. આપણે ત્યાં શાસ્ત્રોમાં ધર્મની વ્યાખ્યાઓ જુદી જુદી રીતે સુંદર આપી છે. ટૂંકમાં પણ આપી છે અને વિસ્તારથી પણ આપી છે. તેવી જ એક વ્યાખ્યા ધર્મની ઓળખ માટે નીચે મુજબ આપી છે.

અનાદિકાળથી આપણા આત્મામાં ઘર કરીને બેઠેલા રાગ-દ્વેષ-ક્રોધ-લોભ-મોહ-માયા-મમતા આદિ અંદરના શત્રુઓનો જેનાથી નાશ થાય અને આપણા પોતાના જ એટલે કે આપણા આત્માના જ્ઞાન આદિ ગુણો જેનાથી પ્રગટ થાય એનું નામ ધર્મ.

જે જે આત્માઓ આ ધર્મની આરાધના કરે તે તે આત્માઓ ધર્મી જીવો કહેવાય. એટલે કે જેના જીવનમાં ધર્મ અમલી બનેલો હોય છે, જેઓ પોતાના જીવનમાં ધર્મને જાણે છે, ધર્મનું આચરણ જેઓ કરે છે, તે દરેક જીવો ધર્મી કહેવાય છે.

આ રીતે જગતમાં ધર્મ પણ છે અને ધર્મી જીવો પણ છે. પરંતુ ધર્માર્થી જીવો મળવા બહુ મુશ્કેલ છે.

ધર્મ એ જ જેને ગમે છે, રાત અને દિવસ જેને ધર્મ સિવાય બીજું કંઇ જ ગમતું નથી, પોતાનું જે કંઇપણ હોય તે સર્વસ્વ ધર્મ માટે ન્યોછાવર કરવા માટે જે હંમેશા તૈયાર હોય છે એવા જીવો ધર્માર્થી કહેવાય છે.

આવા ધર્માર્થી જીવો જ જગતમાં ધર્મની અદ્‌ભુત પ્રભાવના કરી શકે છે; આપણે કલ્પી પણ ન શકીએ એવા કઠીનમાં કઠીન કામો તેઓ

For Private And Personal Use Only

કરી શકે છે. દયા-દાન-ઘોર તપ-ગમે તેવી ભયંકર અને વિષમ પરિસ્થિતિમાં પણ ધર્મની મક્કમતા એ બધું આપણને આવા ધર્માર્થી જીવોમાં જ જોવા મળે છે. અવસર આવે ધર્મ ખાતર હસતે મોઢે પોતાના પ્રાણનું પણ બલિદાન આવા ધર્માર્થી જીવો જ આપી શકે છે.

ભૂતકાળમાં અત્યાર સુધીમાં અનેક આત્માઓ આવા ધર્માર્થી થઈ ગયાં છે, કે જેઓએ પોતાના આત્માનું તો કલ્યાણ સાધી લીધું પરંતુ સાથે સાથે બીજાં પણ અનેક આત્માઓને ધર્માર્થીઓ બનાવીને તેઓનું પણ કલ્યાણ કર્યું.

વર્તમાન કાળમાં અત્યારે પણ આવા અનેક ધર્માર્થી આત્માઓ આપણને જોવા મળે છે. એવા ધર્માર્થી જીવોની હરોળમાં આપણે પણ આવી જઈએ. આપણે પણ ધર્માર્થી બનીને આપણા આત્માનું કલ્યાણ સાધી લઈએ, એટલે આપણે આ માનવ ભવ સફળ એને માટે જરૂરી પ્રચંડ પુરુષાર્થ દ્વારા આપણે સૌ પણ આપણો આ માનવભવ સફળ કરીએ એ જ અંતરની અભિલાષા.........

*ઠે : આદર્શ વિહાર, ગુંજન રોડ,*
*જી.આઈ.ડી.સી, વાપી*
*અષાઢ વદિ. ૧૩-બુધવાર*
*સં. ૨૦૫૭*


## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૩૦ ફેક્સ નં. (૦૨૭૮)) ૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ફોન : કૃષ્ણનગર, વડવા પાનવાડી, રૂપાણી-સરદારનગર, ભાવનગર-પરા,
રામમંત્ર-મંદિર, ઘોઘા રોડ શાખા, શિશુવિહાર (રૂવાપરી)

### તા. ૧-૪-૨૦૦૧ થી થાપણ તથા ધિરાણમાં સુધારેલ વ્યાજના દરો

| સલામત રોકાણ | આકર્ષક વ્યાજ | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૯ ટકા |
| ૯૧ દિવસથી ૧ વર્ષ અંદર | ૬.૫ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૧૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૮.૫ ટકા | સેવિંગ્ઝ ખાતામાં ૫ ટકા વ્યાજ આપવામાં આવશે. | |

❀ ૮૫ માસે રકમ ડબલ મળશે. ❀ સીનીયર સીટીઝનને એક ટકો વધુ વ્યાજ આપવામાં આવશે.

❀ સોના લોન, હાઉસીંગ લોન, મકાન રીપેરીંગ લોન, એન.એસ.સી. લોન, શૈક્ષણિક હેતુ લોન, સ્વ વ્યવસાય, સ્વ રોજગાર માટે ધિરાણ આપવામાં આવે છે. વધુ વિગત માટે હેડ ઓફિસ-શાખાઓનો સંપર્ક સાધવા વિનંતી.

❀ નિયમીત હપ્તા ભરનારને ભરેલ વ્યાજના ૬ ટકા વ્યાજ રીબેટ મળે છે.

બેન્કની વડવા-પાનવાડી રોડ શાખામાં વહેલા તે પહેલાના ધોરણે પસંદગીના લોકર ભાડે આપવામાં આવે છે.

| મનહરભાઈ એચ. વ્યાસ | નિરંજનભાઈ ડી. દવે | વેણીલાલ એમ. પારેખ |
|---|---|---|
| જનરલ મેનેજર | મેનેજિંગ ડીરેક્ટર | ચેરમેન |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

*With Best Compliments*


*From*

**JACOB ELECTRONICS**

**PVT. LTD.**

Mfrs. Audio cassette, componants and compect disc Jonrl box.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsNL.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્રોધ કરતા પ્રેમ મહાન છે

અંબાડી હાથી ઉપર જ શોભે, ગધેડા ઉપર નહિ! ક્ષમા સિંહને શોભે, ઉંદરને નહિ!

ક્ષમા એ કાયરતાને ઢાંકવાનું કોઈ આવરણ નથી. એ તો વીરતાને અનાવૃત્ત કરીને ગૌરવ વધારે છે.

વળી ક્ષમાની એક બીજી ખૂબી પણ છે. વેર વિસરાવીને વહાલની વૃદ્ધિ કરે છે!

વેરનું ઓસડ વહાલ!

બગદાદના ખલીફા અલી સાહેબના જીવનમાં ક્ષમા અને વહાલ છલોછલ હતા. ખિલાફતની ખિદમત અને ખુદાની બંદગી સિવાય એમને બીજી કોઈ વાત રુચે નહિ!

અલીસાહેબ નમાઝ પઢાવે ત્યારે અગણિત લોકો ઊમટી પડે. દૂર દૂરથી સૌ આદરપૂર્વક આવે.

પણ ગામ હોય તો ઊકરડો પણ હોય જ!

અલીસાહેબની પ્રતિષ્ઠા અને પ્રતિભા કેટલાક લોકોથી સહન થઈ શકી નહિ. તેમણે જાતજાતના અવરોધો ઊભા કરવા માંડ્યા. અલીસાહેબની પ્રતિષ્ઠાને કલંક લાગે એવા અઢળક પ્રયત્નો કર્યા. કિન્તુ સુવર્ણ તો જેમ જેમ કસોટી પામે તેમ તેમ વધુ ને વધુ તેજસ્વી બને!

અલીસાહેબની પ્રતિષ્ઠા ઓર વધી!

લોકોનો તેમના પ્રત્યેનો આદર ઓર વધ્યો!

પેલા ઈર્ષ્યાળુ લોકો વિમાસણમાં પડ્યા હવે કરવું શું? છેવટે એમણે નક્કી કર્યું કે, અલીસાહેબની જ હત્યા કરી નાખવી જોઈએ! ના રહેગા બાંસ ન બજેગી બાંસુરી!

પણ એમની હત્યા કરવી કઈ રીતે?

કાં તો અલીસાહેબ સાવ એકલા હોય ત્યારે અને કાં તો એ ખૂબ ભીડ વચ્ચે ઘેરાયેલા હોય ત્યારે જ! કારણ કે એ વખતે કોણ આવ્યું અને કોણ ગયું તેની કોઈને ખબર જ ના પડે! કામ અઘરું હતું અને સરળ પણ હતું!

ઈર્ષ્યાળુઓએ દિવસ નક્કી કર્યો. અલીસાહેબ નમાઝ પઢાવતા હોય એ જ વખતે તેમની હત્યા કરવાનું ષડ્યંત્ર ગોઠવાઈ ગયું.

અને એ દિવસ આવ્યો.

હજારો નમાઝીઓની ભીડ જામી હતી...એક હત્યારો પોતાના વસ્ત્રોમાં મોટો છરો છુપાવીને અલીસાહેબની તદ્દન નજીકમાં જ ગોઠવાયેલો હતો. એની ચકોર નજર પળે પળે આસપાસની પરિસ્થિતિનો અભ્યાસ કરતી હતી.

અલીસાહેબે નમાઝ પઢાવવાનું શરૂ કર્યું... અને જેવા તે વાંકા વળ્યા કે તરત પેલા હત્યારાએ છરો કાઢીને તેમની પીઠમાં ભોંકી દીધો!

અલીસાહેબ એક ચીસ સાથેઢળી પડ્યા.

નમાઝીઓમાં હોહા મચી ગઈ.

લાગ જોઈને હત્યારો ત્યાંથી ભાગવા માંડ્યો. પરંતુ કેટલાક લોકો તેને ભાગતો નિહાળીને પાછળ પડ્યા. થોડે દૂર જઈને તેને પકડી લીધો. લોકો તેને મારતા-ફટકારતા અલીસાહેબની પાસે લઈને આવ્યા.

આ તરફ અલીસાહેબ પણ લોહીના ખાબોચિયામાં પડ્યા હતા. લોકો ગભરાઈ ગયા હતા. કોઈકે વૈદ્ય-ડોક્ટરને બોલાવ્યા, તો કોઈકે મલમપટ્ટા શરૂ કર્યા...એટલામાં અલીસાહેબને પાણીની તરસ લાગી. એમણે પાણી માગ્યું. પાણીનો પ્યાલો હાજર થયો. પણ એ પ્યાલો હોઠે માંડે એ પહેલાં જ તેમની નજર પેલા હત્યારા

(અનુસંધાન પાનુ-૧૫)

For Private And Personal Use Only

જુલાઈ-ઓગસ્ટ : ૨૦૦૧ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

स्वस्मिन् स्वदुर्विचाराणां प्रत्याघातः प्रजायते ।
स्वं पातयति दुर्बुद्धिरन्यपातनतत्परः ।।

卐

**પોતાના બુરા વિચારોનો પ્રત્યાઘાત પોતા પર પડે છે. બીજાને પાડવાની કોશિશ કરનાર, પોતાને પાડે છે. ૫૨**

卐

Evil thoughts cherished against another, redound on one's own self. He who is intent on hurling another down, falls down himself. 52

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬, ગાથા-૫૨, પૃષ્ઠ-૧૪૭)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'